આ બાળકની જેમ જો તંત્રએ જવાબદારીનો બોજ લીધો હોત તો ખાડીપૂર આવ્યા જ નહીં હોત

■ શનિવારે સુરતમાં ફરી મીઠીખાડી ઉભરાતાં લિંબાયત વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. પાણીમાં એક બાળકે પોતાની જ સંબંધીને પાણીમાં ચાલવું નહીં પડે તે માટે પોતે જવાબદારી સમજીને તેને પીઠ પર ઉપાડી લીધી હતી. એક નાનો બાળક પોતાની જવાબદારી સમજે છે પરંતુ તંત્ર પોતાની જવાબદારી સમજતું નથી. તંત્રની બેદરકારીને પગલે ખાડીઓ નાની થઈ ગઈ, દબાણો થઈ ગયા અને અધિકારીઓ ભ્રષ્ટાચારમાં આળોટતાં રહ્યા. જો અધિકારીઓએ પહેલેથી જ પોતાની જવાબદારી સમજી હોત અને આ બાળકની જેમ તેને પીઠ પર ઉપાડી લીધી હોત તો સુરતમાં વારંવાર આવતા ખાડીપૂરનો પ્રશ્ન ઉદ્‌ભવ્યો જ નહીં હોત. આ તસવીર જોઈને પણ અધિકારીઓને પોતાની જવાબદારી ધ્યાને આવશે તો આ બાળકે ઉઠાવેલો બોજ લેખે લાગશે તે નક્કી છે. (તઃ સતીષ જાદવ)

ડુમસ સી ફેસ

કોઝવે રોડ

સવારે 6થી રાત્રે 8 કલાક દરમિયાનનો વરસાદ (M.M.માં)

ઝોન	વરસાદ
સેન્ટ્રલ	66
રાંદેર	59
કતારગામ	58
વરાછા-એ	57
વરાછા બી	79
લિંબાયત	46
અઠવા	41
ઉધના	39

2.5 ઈંચ વરસાદમાં જ સુરતજળબંબોળ

અલથાણા, વેસુ, રસૂલાબાદ, કતારગામ તેમજ સિંગણપોર સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા

સુરતઃ સુરત શહેરમાં સતત બીજા દિવસે પણ મેઘરાજાએ હાજરી તો નોંધાવી જ હતી. શનિવારે એકંદરે શહેરમાં અઢી ઈંચ જેટલો જ વરસાદ થયો હતો તેમ છતાં શહેરના ઘણા વિસ્તારોમાં પાણીનો ભરાવો થઈ ગયો હતો. શહેરના અલથાણ, વેસુ, સણિયાહેમાદ, રસૂલાબાદ, કતારગામ તેમજ સિંગણપોર જેવા મુખ્ય વિસ્તારોના માર્ગો નદીઓમાં ફેરવાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. વરસાદના પાણી અનેક વિસ્તારોમાં બેઝમેન્ટ પણ ઘૂસી ગયા હતા. જેને કારણે લોકો ભારે હેરાન થયા હતા.

સુરતના વીર સાવરકર હાઇટ્સના બેઝમેન્ટમાં 12 ફૂટ પાણી ભરાયું

સુરતના ઉગત-ભેંસાણ રોડ પર મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત બનેલા વીર સાવરકર હાઇટ્સમાં બેઝમેન્ટમાં 10થી 12 ફૂટ જેટલા ભારે પાણી ભરાઈ જતાં અનેક વાહનો બંધ પડી ગયાં હતાં. સ્થાનિક લોકોને અતિશય મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ ગંભીર પરિસ્થિતિ હોવા છતાં સુરત મહાનગરપાલિકાના કોઈ અધિકારી કે નેતાઓ પરિસ્થિતિની સમીક્ષા કરવા ન આવતાં સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જેના કારણે સોસાયટીના સભ્યો દ્વારા જાતે જ વોટર પમ્પિંગ લગાવીને પાણી બહાર કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પાંડેસરામાં ગટરમાંથી કાળું કેમિકલયુક્ત પાણી બેક મારતાં ચિંતાજનક દશ્યો

પાંડેસરા વિસ્તારમાં ગટરમાંથી કાળું કેમિકલયુક્ત પાણી બેક મારતાં રસ્તા પર ફુવારા જેવો પ્રવાહ જોવા મળ્યો હતો. ઉધના-ભેસ્તાન રોડ પર આવેલા ઔદ્યોગિક એકમો દ્વારા પર્યાવરણ સંબંધિત નિયમોનું યોગ્ય પાલન કરવામાં આવતું નથી. જેના કારણે ગટરમાંથી બેક મારી બહાર નીકળે છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને GPCB દ્વારા સ્થળ પર પહોંચી પાણીના નમૂના લેવામાં આવ્યા છે. તપાસ રિપોર્ટના આધારે જો કોઈ ઔદ્યોગિક એકમ દ્વારા નિયમોનું ઉલ્લંઘન થયાનું સામે આવશે તો સંબંધિત એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ડુમસ રોડનો પાર્ટી પ્લોટ જળમગ્ન

સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં સતત વરસી રહેલા અતિભારે વરસાદને કારણે ડુમસ રોડ તેમજ નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ડુમસ રોડ અને મગદલ્લા પટ્ટા પર આવેલા પાર્ટી પ્લોટમાં પાણી ભરાઈ જતાં મોટું નુકસાન પહોંચ્યું હતું. પાર્ટી પ્લોટના ગ્રાઉન્ડ વિસ્તારમાં ઘૂંટણસમાથી લઈને કમર સુધીના વરસાદી પાણી ભરાઈ ગયા હતા.

મોટા વરાછામાં 40 મીટર જેટલા રસ્તાનું ધોવાણ થતાં તંત્ર દોડતું થયું

સવજી કોરાટ બ્રિજ પાસે તાપી નદી કિનારા પર અંદાજે 40 મીટરના રસ્તાનું ધોવાણ થતાં તંત્ર દોડતું થઈ ગયું હતું. રસ્તાનું ધોવાણ થવાની સાથે મોટી તિરાડો પડવાને કારણે સ્થાનિકો અને વાહન ચાલકોના જીવ પણ તાળવે ચોંટ્યા હતા. જેને ધ્યાને રાખી વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું અને આ રસ્તા પરથી પસાર થતાં વાહનોને ડાયવર્ટ કરવામાં આવતાં સંભવિત અકસ્માતની સ્થિતિ પર અંકુશ મેળવવામાં આવ્યો હતો. આ સ્થળે બેરિકેડિંગ કરી 250 જેટલાં વાહનોને સુરક્ષિત રીતે ડાયવર્ટ કરવામાં આવ્યાં હતાં. શહેરમાં રેડ એલર્ટની સ્થિતિ વચ્ચે છેલ્લા બે દિવસથી અવિરત વરસાદ વચ્ચે વહીવટી તંત્ર દ્વારા નિચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિને ધ્યાને રાખી રેસ્ક્યુ ઓપરેશન અને સ્થળાંતરની કામગીરી શરૂ કરવામાં આવી હતી. શનિવારે સવારે અબ્રામા, વેલંજા, ઉમરા અને કઠોર ગામમોમાં વરસાદી પાણીનો ભરાવો થતાં તંત્ર હરકતમાં આવ્યું હતું અને તાત્કાલિક 240થી વધુ નાગરિકોને સુરક્ષિત રીતે સ્થળાંતર કરી વેલંજા પ્રાથમિક શાળામાં હંગામી ધોરણે ઊભા કરવામાં આવેલા રિલીફ સેન્ટર ખસેડવામાં આવ્યા હતા.

સણિયા હેમાદમાં પાણી ફરી વળતાં મંદિર જળમગ્ન, શિખર સુધી પાણી પહોંચ્યા

સણિયા હેમાદ ગામમાં ખાડીના પાણી ફરી વળતાં ગામમાં આવેલું સ્થાનિક મંદિર સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. મંદિરના શિખર અને ગર્ભકુંજ સુધી પૂરના પાણી પહોંચી જતાં ગ્રામજનોમાં ભારે ચિંતા પ્રસરી હતી. શહેરમા વધુ વરસાદ થતા જ આ ગામમાં કાયમી પાણી ભરાવાની સમસ્યાથી સ્થાનિકો પણ હવે પરેશાન થયા છે. ખાડીના પાણી ગામમાં ફરી વળતા મંદિર તો ડૂબી જ જાય છે. સાથે સાથે ગામમાં પણ પાણી ભરાવો થતાં લોકોને બહાર નીકળવું મુશ્કેલભર્યું થઈ જતું હોય છે.

પાંડેસરામાં બાટલીબોય પાસે પાણી ભરાયા

પાંડેસરા બાટલી બોય વિસ્તારમાં પડેલા ભારે વરસાદના પગલે રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. આ વિસ્તારમાંથી રોજેરોજ હજારોની સંખ્યામાં વાહનચાલકો અને નોકરિયાતો પસાર થતા હોય છે, જેમને હવે આ પાણીના ભરાવાને કારણે લોકોને કામના સ્થળે જવા માટે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મુખ્ય માર્ગો જળમગ્ન થઈ જતાં વાહનચાલકો જીવના જોખમે આ પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા હતા.

અલથાણ ખાડીમાં કાર ડૂબી

મીઠી ખાડી છલકાઈ

ગોડાદરામાં બોટ તૈનાત

(તસવીરો : સતીષ જાદવ)

સુરત ફરતેના તાલુકાઓમાં પડેલા ભારે વરસાદથી સિઝનમાં ચોથી વખત ખાડીપૂર

ફરી સીમાડા અને મીઠી ખાડી ઉભરાઈ

સવારે મીઠી ખાડીના પાણી નજીકના વિસ્તારોમાં ફરી વળ્યા

સાંજે સીમાડા ખાડી પણ ભયજનક સપાટીએ પહોંચતા 150નું સ્થળાંતર કરાયું

સુરતઃ સુરત શહેરની ફરતેના તાલુકાઓમાં પડી રહેલા ભારે વરસાદને કારણે શનિવારે ફરી એક વખત સીમાડા અને મીઠીખાડીમાં પૂર આવ્યા હતા. શનિવારે બપોરથી જ ખાડીઓની સપાટી વધવા માંડી હતી. અને સાંજે સીમાડા ખાડી ભયજનક સપાટીની નજીક પહોંચી જતાં મનપાએ 150થી વધુ લોકોનું સ્થળાંતર કરવું પડ્યું હતું. મીઠીખાડીમાં પણ પૂર આવવાથી તેના પાણી ખાડીની નજીકના નિચાણવાળા વિસ્તારોમાં ભરાઈ ગયા હતા. આ ચોથી વખત છે કે જ્યારે ચોમાસાની સિઝનમાં સુરતમાં ખાડીઓમાં પૂર આવ્યા હોય. જ્યારે શનિવારે સવારે મીઠીખાડી સવારે 7:00 વાગે 8:15 મીટરે પહોંચ્યા બાદ સાંજે છ વાગ્યે સપાટી વધીને 8.50 મીટરે પહોંચી જવા પામી હતી. જેના કારણે મીઠી ખાડી નજીકના વિસ્તારોમાં રસ્તાઓ પર ચાર ફૂટ સુધી પાણી ફરી વળ્યા હતા. જ્યારે મીઠી ખાડી વિસ્તારમાં આવેલ કમરુનગર, બેઠી કોલોની, રઝાનગર ચોક સહિતના વિસ્તારોમાં ખાડીના બે ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં આવેલાં ઘરો અને દુકાનોમાં પણ આશરે ત્રણ ફૂટ જેટલાં પાણી ભરાઈ જતાં સ્થાનિક રહીશો અને વેપારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

શા માટે માત્ર મીઠી અને સીમાડા ખાડીની સપાટી વધી??

શહેરમાંથી 5 ખાડીઓ પસાર થાય છે પરંતુ શનિવારે થયેલા ઉપરવાસમાં વરસાદના કારણે મીઠી અને સીમાડા ખાડીના જળસ્તરમાં વધારો નોંધાયો હતો કારણ કે, આ બંને ખાડીના કેચમેન્ટ વિસ્તાર ઉપરવાસને આધિન છે. ઉપરવાસ જેમાં ઉમરપાડા, પલસાણા, કામરેજમાં વરસાદ થાય તે પાણી આ બંને ખાડીઓમાં આવતા હોય, આ ખાડીઓના જળસ્તરમાં શનિવારે સતત વધારો નોંધાયો હતો.

મગોબમાં પણ રસ્તા પર ફરી વળ્યા

સુરતના મગોબ વિસ્તારમાં દર વખતની જેમ આ વખતે પણ મીઠી ખાડી ઓવરફ્લો થવાના આરે પહોંચતા રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. બીઆરટીએસ સ્ટેન્ડ નજીક સવારે જ અડધાથી એક ફૂટ જેટલા પાણી ફરી વળતા લોકોએ મજબુરીવશ બીઆરટીએસ રૂટ પરથી પસાર થવું પડ્યું હતું. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા સ્થળ પર ચેતવણીના બોર્ડ મૂકી દેવામાં આવ્યા હતા.

શનિવારના ખાડીનાં લેવલ (મીટરમાં)

ખાડી	લેવલ	શુક્રવારે	ભયજનક
કાકરા ખાડી	6.15	5.70	8.48
ભેદવાડ	6.30	6.45	7.20
મીઠી	**8.50**	**7.95**	**9.35**
ભાઠેના	6.30	5.70	8.25
સિમાડા	4.30	3.50	4.50

ભાઠેના વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાતાં પાણીમાંથી સ્મશાનયાત્રા કાઢવી પડી

સુરતઃ ભાઠેના વિસ્તારમાં રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં સમગ્ર જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. આ જળબંબાકારની પરિસ્થિતિ વચ્ચે એક સ્થાનિક પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો, પરંતુ વિડંબના એ રહી કે શોકના આ આકરા સમયે પણ પરિવારજનો અને સગા-સંબંધીઓએ ભારે યાતના ભોગવવી પડી હતી. રસ્તાઓ પરથી પાણીનો નિકાલ ન થવાને કારણે મૃતકની અંતિમ યાત્રાને ઘૂંટણસમા ગંદા પાણીમાંથી જ પસાર કરીને સ્મશાન સુધી લઈ જવાની ફરજ પડી હતી. નરક સમાન પરિસ્થિતિ વચ્ચે કાંધે અર્થી ઊંચકીને પાણીમાં ચાલી રહેલા સ્વજનોના દ્રશ્યોએ સૌ કોઈને કંપાવી મૂક્યા હતા. સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રી-મોન્સૂન કામગીરી અને ડ્રેનેજ સફાઈ પાછળ કરોડો રૂપિયાના ખર્ચના દાવા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં પ્રથમ વરસાદે જ સ્માર્ટ સિટીના દાવાઓની પોલ ખોલી નાખી છે. સ્વજન ગુમાવ્યાના આઘાત વચ્ચે પણ સ્મશાન સુધી પહોંચવામાં અમાનવીય મુશ્કેલીઓનો સામનો કરવો પડતાં ભાઠેના વિસ્તારના રહીશોમાં સ્થાનિક તંત્ર અને વહીવટી અધિકારીઓ સામે ભારે આક્રોશ અને રોષની લાગણી જોવા મળી રહી છે. લોકો હવે વહેલી તકે પાણીના નિકાલની કાયમી કામગીરી થાય તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.

ખાડીપૂરને અટકાવવા ઝડપથી DPR બનાવો: સંકલનમાં MLAની રજૂઆત

વરસાદી ગટરની સઘન સફાઈ કરી ભરાયેલા પાણીનો નિકાલ કરો

સુરતઃ મનપા કચેરી ખાતે શનિવારે ધારાસભ્યોની મળેલી સંકલન બેઠકમાં ધારાસભ્યોએ વહીવટી તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરતાં વહેલી તકે ખાડીપૂર અટકાવવા માટે DPR તૈયાર કરવા અને ખાડી કિનારે ખડકાયેલાં તમામ ગેરકાયદે દબાણો હટાવવા રજૂઆત કરી હતી. આ સિવાય શહેરભરમાં વરસાદી ડ્રેનેજ લાઈનોની સઘન સફાઈ હાથ ધરીને ભરાયેલા પાણીનો ત્વરિત નિકાલ લાવવા અંગે પણ તંત્રનું ધ્યાન દોર્યું હતું. ધારાસભ્ય મનુ પટેલે જણાવ્યું હતું કે, ઉધના વિસ્તારમાં ઝોનમાં વારંવારના પૂરથી સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. . ખાડીના વહેણમાં અવરોધરૂપ બનતાં ગેરકાયદે બાંધકામો તુરંત દૂર કરવા તેમજ ખાડીનું ઊંડું ડ્રેજિંગ કરી તેની પહોળાઈ વધારવા ભાર મૂક્યો હતો. ગેરકાયદે દબાણો દૂર કરવાની કાર્યવાહી વખતે કોઈપણ રાજકીય કે અન્ય ભલામણોને બિલકુલ ગ્રાહ્ય રાખવામાં નહીં આવે અને ઝડપથી દબાણો દૂર કરવામાં આવે તેવી માંગ કરી હતી.

ધારાસભ્યો સમક્ષ જ GPCB અને મહાનગરપાલિકા વચ્ચે પરસ્પર દોષારોપણ

તાજેતરના વરસાદ બાદ શહેરના વિવિધ વિસ્તારોમાં ખાસ કરીને ઉધના અને પાંડેસરામાં ગટરનાં ઢાંકણાંમાંથી કેમિકલયુક્ત રંગીન પાણી ઊભરાવાની વ્યાપક ફરિયાદો ઊઠી હતી. જેથી સંકલન બેઠકમાં જીપીસીબીના અધિકારીઓને પણ તેડાવવામાં આવ્યા હતા. ધારાસભ્ય મનુ પટેલે જીપીસીબીના અધિકારીઓની ઝાટકણી કાઢતાં કહ્યું કે, ચોમાસામાં ગટરોમાંથી કેમિકલવાળું દૂષિત પાણી રસ્તા પર ફરી વળે છે. જેનાથી નાગરિકોની અડચણો વધે છે. જોકે, જીપીસીબીના અધિકારીઓએ જણાવ્યું કે તેઓએ કોઈ તપેલા ડાઈંગને મંજૂરી આપી નથી. આથી તેમની કોઈ ભૂમિકા બનતી નથી. સામે પક્ષે મનપા તંત્રએ કહ્યું કે, ગટરોમાં રસાયણયુક્ત પાણી ઠાલવવામાં આવે ત્યારે તેને રોકવાની પ્રાથમિક જવાબદારી જીપીસીબીની જ રહે છે.

વરસાદી પાણીના ઝડપી નિકાલ અને ગટર નેટવર્ક મજબૂત કરો: કાંતિ બલર

ધારાસભ્ય કાંતિ બલરે રજૂઆત કરતા જણાવ્યું કે, તેમના વિસ્તારમાં આવેલા વેડ રોડ, કતારગામ દરવાજા, હોડી બંગલા તથા ડભોલી જેવા વિસ્તારોમાં દર વર્ષે પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાય છે. તેમણે આ વિસ્તારોમાં ગટર લાઈનોની તાત્કાલિક અને યોગ્ય રીતે સફાઈ કરવા વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી.

ખાડીના પાણીનો નિકાલ માટે તાપીમાં ડાયવર્ઝન આપો: વિનુ મોરડિયાની માંગણી

ધારાસભ્ય વિનુ મોરડિયાએ જણાવ્યું કે, કતારગામ ક્ષેત્રના હરિદર્શનનો ખાડો, વડલો, હાથીવાળા મંદિર, રાચી સર્કલથી ભરતનાથ સોસાયટી અને સિંગણપોર ચાર રસ્તા જેવા જળબંબાકાર થતાં મુખ્ય વિસ્તારોના વરસાદી પાણીને ડાયવર્ટ કરીને સીધું તાપી નદીમાં ઠાલવવાની વ્યવસ્થા કરવા સૂચન કર્યું હતું, જેથી વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય અને માર્ગ પર વાહનવ્યવહાર પૂર્વવત જળવાઈ રહે.